# માંડળ ટોલ મુદ્દે સોનગઢ સજ્જડ બંધ

**વેપારીઓને** ટોલની સૌથી વધુ અસર થતાં વિરોધ

**મોટા** ભાગનાં ઔદ્યોગિક એકમો બંધ રહ્યાં

વ્યારાઃ માંડળ ટોલ મુદ્દે સોનગઢ સજ્જડ બંધ રહ્યું હતું. સોનગઢના નાના-મોટા વેપારીઓ સાથે સ્ટોન ક્વોરીઓ તેમજ રેતી લીઝધારકોને ટોલનાકાની ભારે અસર જોવા મળી છે. ટોલનાકા પરથી અવરજવર કરવા આશરે ટ્રક દીઠ ૭૦૦થી ૧૦૦૦ જેટલી તગડી રકમ ચૂકવવી પડતી હોય સોનગઢનો ઔદ્યોગિક વ્યવસાય પડી ભાંગ્યો છે. જેથી મોટા ભાગની સ્ટોન ક્વોરીઓ ઠપ્પ થઈ ગઈ છે. અહીં સુધી કે બસમાં મુસાફરી કરતાં ગરીબ મુસાફરોને પણ પોતાની ટિકિટમાં આશરે રૂ.૧૦ જેટલી રકમ વધુ ચૂકવવી પડે છે. જિલ્લાનું મુખ્ય મથક વ્યારા હોવાથી રોજિંદી અવરજવર કરતાં ગ્રામિણ વિસ્તારના ગરીબ આદિવાસીઓ પીસાઇ રહ્યા છે. કારચાલકોને પણ માસિક પાસ દીઠ ૩૦૦થી વધુ રકમ ચૂકવવી પડતી હોય સોનગઢમાંથી આ ટોલપ્લાઝા ખસેડવાની માંગ વેપારીઓ અને સ્થાનિક વાહનચાલકો દ્વારા વારંવાર થતી આવી છે. પરંતુ ચૂંટણી આવે ત્યારે રાજકારણીઓ આ વાહનચાલકોને આંદોલન વેળાએ ટોલમુક્તિ માટેના લોલીપોપ આપતા રહ્યા છે. પરંતુ હજુ સુધી તેનું કાયમી નિરાકરણ આવ્યું નથી. આ ટોલ ભરવામાં સૌથી વધુ અસર સોનગઢના વેપારીઓને થઈ રહી છે. જેથી ટોલપ્લાઝા પર મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ શકે અને આંદોલનને સફળ બને તે માટે સોનગઢના વેપારીઓ સાથે અગ્રણી પી.કે.શાહે મિટિંગ કરી સોનગઢ સજ્જડ બંધ રાખવા અપીલ કરી હતી, જેમાં વેપારીઓએ ટોલમુક્તિ માટેના આંદોલનને સાર્થક કરવા સ્વૈચ્છિક બંધ પાળ્યું હતું અને આંદોલનને સફળ બનાવવા માંડળ ટોલપ્લાઝા પર સ્વૈચ્છિક રીતે કોઈ પણ રાજકીય દબાણ વિના મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા.



### ઇમરજન્સી વાહનોને કોઈ અડચણ ઊભી ન થઈ

આંદોલન દરમિયાન ઇમરજન્સી વાહનોને કોઇ અડચણ ઊભી થઈ ન હતી. જો કે, ભરૂચ, કામરેજ અને નવસારી ખાતે ટોલપ્લાઝા પર સ્થાનિક વાહનોને ટોલમાંથી મુક્તિ અપાઈ હોય તો સોનગઢના માંડળ ટોલનાકા પર કેમ નહીં? આંદોલનકારીઓનો એ પ્રશ્ન આજે પણ વણઉકેલ્યો જ રહ્યો છે. સોનગઢના અગ્રણી પી.કે.શાહ સાથે આંદોલનમાં પૂર્વ સાંસદ અમરસિંહ ઝેડ. ચૌધરી, દિલીપભાઇ ગામીત, લાલસિંહ ગામીત, વકીલ નીતિનભાઇ પ્રધાન, વિજયભાઇ પાવશે, રેહનાબેન ગામીત સહિતના આગેવાનો બિન રાજકીય રીતે આ આંદોલનમાં જોડાયા હતા.

### કલેક્ટરની નેશનલ હાઇ-વે ઓથોરિટી સામે આંખ લાલ

વ્યારાઃ નેશનલ હાઇ-વે ઓથોરિટીના અધિકારી માંડળ ટોલનાકા ખાતે બપોરે ૨ વાગ્યા સુધીમાં હાજર ન રહેતાં કલેક્ટરે આંખ લાલ કરી હતી. સાથે વારંવાર વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો, ટ્રાફિકને અડચણરૂપ થાય તેવી પ્રવૃત્તિઓથી જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય તેવાં કૃત્યો થતાં હોય અનિચ્છનિય બનાવ માટે આ બંને કચેરીની જવાબદારી ફિક્સ કરાઇ હતી.

NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447

### ટ્રાફિક વ્યવસ્થા કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું

વ્યારાઃ માંડળ ટોલપ્લાઝા પર આંદોલનની ચીમકી અપાઇ હતી ત્યારે ૨૬મી માર્ચે થનારા આ આંદોલનના પગલે વાહનચાલકોને કોઇ અડચણ ન થાય માટે ડાયવર્ઝન આપવાની જરૂર હતી. પરંતુ આવી કોઇ વ્યવસ્થા યોગ્ય સમયે ન કરતાં સેંકડો વાહનચાલકો કલાકો સુધી અટવાયા હતા.

## ઝઘડિયા પંથકમાં વીજ ચેકિંગ, 2.38 લાખનો દંડ ફટકારાયો


વિનોદ વસાવા

ઝઘડિયાઃ ભરૂચ જિલ્લાના ઝઘડિયા પોલીસે અસામાજિક તત્વો સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. તા. 25 અને 26 માર્ચ 2025ના રોજ ઝઘડીયા પોલીસ અને DGVCL અધિકારીઓએ સાથે મળીને વિસ્તારમાં વીજ ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ આદરતા છ વ્યક્તિઓના ઘરે વીજ ચોરી મળી આવી હતી. સલમાન નાશીર હુશૈન ગરાસીયા (ગોવાલી)ને રૂ.10,295, જગદીશ બુધીયાભાઈ વસાવા (ખરચી ભીલવાડા)ને રૂ.17,181, દિપેશ મંગુભાઈ વસાવા (ખરચી ગામ)ને રૂ.94,443, જયંતી છનાભાઈ વસાવા (ગુમાનપુરા)ને રૂ.6,117, અક્ષિત જયંતિભાઈ વસાવા (ફુલવાડી)ને રૂ.1,02,140 અને સુનિલ સુકાભાઈ વસાવાને રૂ.8,697નો દંડ ફટકારવામાં આવ્યો હતો. DGVCLના અધિકારીઓએ તમામ વીજ મીટર અને સર્વિસ વાયર જપ્ત કર્યા છે. કુલ રૂ.2,38,873નો દંડ ફટકારવામાં આવ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીમાં સુગમ સરગમ કાર્યક્રમ યોજાયો



બારડોલીઃ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર અને સુરતના ‘ધ મેજિક સ્ટ્રિંગસ મ્યુઝિકલ ગ્રુપ’ના સંયુક્ત ઉપક્રમે બારડોલીના સિનિયર સિટીઝન હોલમાં સુગમ સરગમ શિર્ષક હેઠળ ગુજરાતી સુગમ ગીતોનો એક સુંદર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બારડોલીના શિક્ષણવિદ અજીતસિંહ સુરમા, મયુરીકા જાદવ, ડો. ઉર્વીબેન દેસાઈ અને બ્રહ્માકુમારીઝના જયશ્રીબેન જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સુરતના સુનિલ રેવર, પૂર્વીબેન શાહ અને મહેન્દ્ર પટેલના વૃંદ દ્વારા ગુજરાતી ગીતો અને નૃત્યોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેણે ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમ દરમિયાન સ્વરાજ આશ્રમ બારડોલીના ટ્રસ્ટી અને શિક્ષણપ્રેમી તેમજ રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત નિરંજનબેન કલાર્થી અને નૃત્ય ગુરુ પૂર્વીબેન શાહનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### માંડવીના જિગર પંચોલી પીએચ.ડી. થયા



માંડવીઃ ધી માંડવી એજ્યુકેશન સોસાયટીમાં ફિજિકલ ઇન્સ્ટ્રક્ટર તરીકે ફરજ બજાવતા જિગર નરેન્દ્રકુમાર પંચોલીએ ડો.અતુલ શુક્લના માર્ગદર્શન હેઠળ શારીરિક શિક્ષણ ફેકલ્ટીમાં “IMPACT OF PHYSICAL EDUCATION PROGRAM ON OBESE STUDENT IN THE STATE OF GUJARAT” વિષય પર સંશોધન અહેવાલ તૈયાર કરીને કલિંગા યુનિવર્સિટી,રાયપુર, છત્તીશગઢ ખાતે રજૂ કર્યો હતો.જેને માન્ય રાખીને યુનિવર્સિટી દ્વારા જિગર પંચોલીને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. તેમની આ સિદ્ધિ બદલ કોલેજ પરિવાર તથા ધી માંડવી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ડો.વાસુદેવભાઈ જોખાકર, સેક્રેટરી નલીનભાઈ શાહ, આચાર્ય ડો.વિમલ મહિડા, એડમિન ઓફિસર ડો.યોગેશભાઈ લાડે શુભેચ્છાઓ પાઠવી હતી.

### માંડવી તાલુકાની ગોડધા ગ્રામ પંચાયતને ટીબી મુક્ત-2024નો એવોર્ડ મળ્યો


હિતેશ પટેલ

માંડવી : માંડવી-ઝંખવાવ રોડ પર આવેલા ગોડધા ગ્રામ પંચાયતને સુરત જિલ્લા આરોગ્ય વિભાગ તરફથી “ ટીબી મુક્ત પંચાયત-2024” નો એવોર્ડ એનાયત કરાયો હતો.આ એવોર્ડ ગોડધા પંચાયતના સરપંચ વિજયભાઈ ચૌધરી અને ગામના સમગ્ર સ્ટાફ, આરોગ્ય કર્મચારીઓ સહિત તમામની સંયુક્ત સફળ મહેનત થકી એવોર્ડ મળ્યો હતો. સુરત જિલ્લાની 522 ગ્રામ પંચાયતમાંથી માત્ર 92 પંચાયતને આ એવોર્ડ માટેની પસંદગી કરાઇ હતી જેમાંથી માંડવી તાલુકાના 30 પંચાયતમાં ટીબી મુક્ત જાહેર કરવામાં આવી હતી.જેમાં ગોડધા ગ્રામ પંચાયતના સમાવેશ થાય છે. આ એવોર્ડ સમારંભમાં જિલ્લા આરોગ્ય અધિકારીની પણ ઉપસ્થિતિ રહેતા અન્ય વિભાગના અધિકારીઓ પણ હાજર રહી ગોડધા સબ સેન્ટરના મેડિકલ ઓફિસર વાઘેલા, સ્ટાફ નર્સ,આશા વર્કસ, તમામ પંચાયત સભ્યો અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગામના યુવા સરપંચ વિજયભાઈ ચૌધરીને એવોર્ડ જિલ્લા આરોગ્ય ટીમ દ્વારા અર્પણ કરતાં ગામના લોકો માટે આનંદ અને ગર્વની લાગણી વ્યાપી હતી.

### વાલોડ સુગર ફેક્ટરી પાછળથી લાવારિશ ગૌવંશો મળી આવ્યાં



વ્યારાઃ વાલોડના દાદરિયામાં સુગર ફેક્ટરીની પાછળના ભાગે શેરડી કાપણીના મજૂરોના પડાવવાળી જગ્યાએ ગૌવંશો માલિકી વગરના મળી આવતાં તેનો કબજો લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તા.૨૬/૩/૨૦૨૫ના રોજ મળસકે ઝાડો સાથે ત્રણ ગાય કિં.રૂ.૧૫ હજાર, બે બળદ કિં.રૂ.૮ હજાર તથા વાછરડા નંગ-૨૮ કિં. રૂ.૨૮ હજાર મળી કુલ કિં.રૂ.૫૧ હજારનાં પશુ બિનવારસી હાલતમાં મળી આવ્યાં હતાં.

### ઝંખવાવમાં વિવિધ ગુનામાં સંડોવાયેલા ઈસમોને સરકારી તંત્રએ નોટિસો પાઠવી


વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના ઝંખવાવ ગામે સરકારી તંત્રએ પોલીસ કાફલા સાથે 10 જેટલા ઈસમને દબાણો દૂર કરવાની નોટિસો ફટકારી હતી. સાથે ચાર જેટલા સરવે નંબરોની માપણી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા હોય તેવા ઈસમો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે સરકારી તંત્રએ પોલીસ કાફલા સાથે 10 જેટલા ઇસમને સાત દિવસમાં દબાણો દૂર કરવાની નોટિસો આપી છે. માંડવી પ્રાંતના અધિકારી કૌશિક જાદવ, ડી.વાય.એસ.પી. બી.કે.વનાર, માંગરોળ મામલતદાર ચાવડા તેમજ પોલીસ સ્ટાફ ઘટના સ્થળે હાજર રહ્યો હતો.

### કાકડકુઈમાં મિત્રની હત્યા કરનારો ઝડપાયો



નેત્રંગઃ નેત્રંગ પોલીસે કાકડકુઇ ગામમાં થયેલી નિર્મમ હત્યાના કેસમાં આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપી અશ્વિન ધારાસિંગભાઇ વસાવાએ તેના મિત્ર રાજેશ ગોમાભાઇ વસાવાની હત્યા કરી હતી. તા.24મી માર્ચે રાત્રે સાડા આઠ વાગ્યે બંને મિત્રો વચ્ચે ઝઘડો થયો હતો. આરોપી અશ્વિને જમવાનું બનાવવા માટે ચૂલો બનાવવામાં વપરાયેલા પથ્થર વડે રાજેશના માથામાં મારીને મોતને ઘાટ ઉતાર્યો હતો. ઘટના બનતા આરોપી ફરાર થઇ ગયો હતો. પોલીસે અલગ-અલગ ટીમો બનાવી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. પોલીસે ફુલવાડી ચોકડી નજીક આવેલા એક મોટા પીપળાના ઝાડ નીચેથી ઊંઘતા આરોપીને ઝડપી પાડ્યો હતો. નેત્રંગ પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### બારડોલીમાં ચાર વર્ષની સમસ્યાનો આજે પણ ઉકેલ આવતો નથી

# ચોમાસામાં પૂર જેવી સ્થિતિમાં મુકાતા રહીશોની પાલિકાને ફરીવાર રજૂઆત

**એમ.એન.** પાર્ક, ડી.એમ. પાર્ક ઉપરાંત શામરિયા મોરા વિસ્તારના રહીશોમાં રોષ, આ વર્ષે પણ કામગીરી ન થતાં સમસ્યા જેમની તેમ

બારડોલીઃ બારડોલીના એમએન પાર્ક સોસાયટીના રહીશો બુધવારના રોજ બારડોલી નગરપાલિકા ખાતે પહોંચ્યા હતા અને ચોમાસા દરમિયાન તેમની સોસાયટીમાં પૂરની સ્થિતિ ન સર્જાઇ તે માટે યોગ્ય કામગીરી કરવાની રજૂઆત કરી હતી. જો કે આ વર્ષે પણ પાલિકા દ્વારા કોઈ વિશેષ કામગીરી કરવામાં આવી ન હોય સોસાયટીના લોકોને ચોમાસામાં મુશ્કેલી પડે તેવી સંભાવનાને લઈ રહીશોમાં રોષની લાગણી જોવા મળી રહી છે

બારડોલી નગરપાલિકાના અણઘડ વહીવટને કારણે છેલ્લા ચારેક વર્ષથી એમ.એન. પાર્ક, ડી.એમ.પાર્ક ઉપરાંત શામરિયા મોરા વિસ્તારમાં ચોમાસામાં વરસાદ પડતાં જ પાણી ભરાય જતાં પૂર જેવી સ્થિતિ સર્જાઇ છે. ખાડી પર ગેરકાયદે બાંધકામ તેમજ ખાડીમાં બોક્સ કલ્વર્ટને કારણે આ સ્થિતિ વધુ દયનીય બની છે. દર ચોમાસામાં આવી સ્થિતિ સર્જાતી હોય સ્થાનિક રહીશો હેરાન છે. આ સમસ્યાથી છૂટકારો મેળવવા માટે રહીશોએ અનેક વખત રજૂઆતો કરી છે. પરંતુ સમસ્યાનું કોઈ સમાધાન થયું નથી. અગાઉ આ જ મુદ્દે ડી.એમ. નગરના રહીશોએ પણ પાલિકાને રજૂઆત કરી હતી. તેમ હવે એમ.એન. પાર્કના રહીશો પણ બુધવારે સાંજે પાલિકા કચેરી પહોંચ્યા હતા અને આ સમસ્યાનો ઉકેલ લાવવા રજૂઆતો કરી હતી. લોકોએ બાંધકામ સમિતિના ચેરમેન હિતેશ પારેખ ઉપરાંત અધિકારીઓને પણ રજૂઆત સમસ્યાનો વહેલી તકે ઉકેલ લાવવા માંગ કરી હતી. જો કે, ચોમાસું નજીક આવી રહ્યું હોવા છતાં પાલિકાના અધિકારીઓના પેટનું પાણી હાલતું ન હોય રહીશોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

# તાતીઝઘડા ગામમાં અફેરનો આક્ષેપ કરનાર યુવકની છાતી ઉપર બેસી ગળું દબાવી હત્યા

**18** વર્ષીય આયુષની હત્યા કરનારા 4 વિરુદ્ધ ફરિયાદ

પલસાણાઃ પલસાણાના તાતીઝઘડા ગામે માસીના દીકરાને તેની પત્નીના પ્રેમપ્રકરણ અંગે જાણ કરતાં ચાર શખ્સે 18 વર્ષના યુવકની ગળું દબાવી હત્યા કરી દેતાં ચકચાર મચી ગઈ હતી.

ઘટનાની હકીકત એવી છે કે, પલસાણાના તાતીઝઘડા ખાતે જૂના હળપતિવાસમાં રહેતી સુધાબેન રમેશભાઈ રાઠોડનો 18 વર્ષીય પુત્ર આયુષે મંગળવારે સવારે તેના માસીના પુત્ર જયેશને કહ્યું હતું કે, તારી પત્નીનું કૌશિક ઉર્ફે અજય ઉર્ફે ડેગો સાથે લફરું છે. આથી જયેશ સાથે આયુષની બોલાચાલી થઈ હતી. પરંતુ ત્યારબાદ બંનેનું સમાધાન થઈ ગયું હતું. દરમિયાન રાત્રિના સાડા આઠેક વાગ્યે આયુષ તેના ઘરમાં સૂતો હતો ત્યારે બાજુના ફળિયામાં રહેતો કૌશિક ઉર્ફે અજય ઉર્ફે ડેગો બાલુભાઈ રાઠોડ (રહે., નવી કોલોની, તાતીઝઘડા) તેના અન્ય મિત્રો વિશાલ નાનુભાઈ રાઠોડ તથા દેવો ગુણવંતભાઈ રાઠોડ અને આનંદ ગમલેશભાઈ રાઠોડ (તમામ રહે., એરથાણ, તા.પલસાણા) સાથે બાઈક પર આવ્યો હતો અને આયુષના ઘરમાં ઘૂસી જઈ આયુષને લાત મારી ઉઠાડ્યો હતો અને ખેંચીને ઘરની બહાર લઈ ગયો હતો અને તું કેમ આજે સવારે કહેતો હતો કે મારે જયેશની પત્ની સાથે લફરું છે એમ કહી આયુષ પર હુમલો કરી ઢીકમુક્કીનો માર માર્યો હતો અને ઘરની બહાર લઈ જઈ આયુષનું ગળું દબાવી રાખી તેના પર બેસી ગયો હતો તેમજ અન્ય ઈસમો તેને માર મારી રહ્યા હતા. વચ્ચે બચાવવા પેલા આશિષ અરવિંદ રાઠોડ અને અભય ગુણવંત રાઠોડને પણ માર માર્યો હતો. દરમિયાન ફળિયાના માણસો ભેગા થઈ જતાં તેઓ આયુષને છોડીને નાસી છૂટ્યા હતા. આયુષ કંઈ બોલતો ન હોવાથી તેને તાત્કાલિક પલસાણાની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે મૃતકની માતાની ફરિયાદના આધારે કૌશિક ઉર્ફે અજય ઉર્ફે ડેગો બાલુભાઈ રાઠોડ, વિશાલ નાનુ રાઠોડ, દેવો ગુણવંત રાઠોડ અને આનંદ ગમલેશ રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# આફવામાં ટેમ્પોમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂની હેરાફેરી, બે ઝડપાયા


ઈલ્યાસ શેખ

**સુરત** એલસીબીએ રૂ.2.55 લાખનો દારૂ કબજે લીધો

પલસાણાઃ ટેમ્પોમાં ગુપ્ત ચોરખાનામાં વિદેશી દારૂ છુપાવી સપ્લાય કરવાનો કીમિયો નિષ્ફળ બનાવી બારડોલીના આફવા ગામની હદમાં ને.હા.નં.53 પરથી સુરત જિલ્લા એલસીબીની ટીમે રૂ.2.55 લાખના વિદેશી દારૂ સાથે બેને ઝડપી લીધા હતા. પોલીસે ટેમ્પોમાંથી 9.66 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સુરત જિલ્લા એલસીબીની ટીમને બાતમી મળી હતી કે, એક અશોક લેલન્ડ કંપનીના બડા દોસ્ત ટેમ્પો નં.(જીજે 21 વાય 0569)નો ચાલક ટેમ્પોમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂનો જથ્થો છુપાવી વ્યારા તરફથી સુરત તરફ આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે બારડોલીના આફવામાં ને.હા.નં.53 પર નાકાબંધી કરી હતી અને એક ટેમ્પોને રોકી તપાસ કરતાં બે ઇસમ મળી આવ્યા હતા. ટેમ્પોની જડતી લેતાં તેમાંથી 1125 બોટલ વિદેશી દારૂ કિં.રૂ.255019 મળી આવ્યો હતો. પોલીસે દારૂ ઉપરાંત ટેમ્પો કિં.રૂ.7 લાખ, બે મોબાઈલ ફોન કિં.રૂ.10 હજાર અને રોકડા રૂ.1950 મળી કુલ 9,66,969નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ટેમ્પોચાલક ફિરોઝખાન લૂકમાનખાન પઠાણ (ઉં.વ.45) (રહે., ઉમરવાડા ટેનામેન્ટ, સુરત) અને ક્લીનર રાજપ્રકાશ ગોહિલ (ઉં.વ.29) (રહે.,વરુણ એપાર્ટમેન્ટ, જ્યોતિનગર, અડાજણ, સુરત, મૂળ રહે., મહુવા, ભાવનગર)ની ધરપકડ કરી હતી. પોલીસે આ ગુનામાં દારૂનો જથ્થો ભરી આપનાર અને મંગાવનાર ઉદિત પટેલ (રહે., ઉધના, સુરત)ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

# ‘અમે તમને આઈફોન 14 પ્રો મેક્સ ગિફ્ટ કરીએ છીએ’ કહી કડોદના વેપારી સાથે ઠગાઈ

**ઓનલાઈન** ગિફ્ટના નામે વેપારી પાસે રૂ.8.73 લાખ ખંખેરી લેવાયા

બારડોલીઃ બારડોલીના કડોદ ગામે ફૂટવેરની દુકાન ચલાવતા દુકાનદાર ફેસબુક મેસેન્જર પર ગિફ્ટમાં આઈફોન લાગ્યો હોવાની લોભામણી ઓફરમાં ભેરવાઈ જતાં રૂ.8.73 લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે.

આ અંગે મળતી માહિતી અનુસાર માંડવીના ગોદાવાડી ગામના વેપારી રિપલકુમાર સુરેશભાઈ પટેલ બારડોલીના કડોદ ખાતે ફૂટવેરની દુકાન ચલાવે છે. પોલીસ ફરિયાદ અનુસાર તા.૧૯/૨/૨૦૨૫થી તા.૨૬/૨/૨૦૨૫ દરમિયાન અજાણ્યા આરોપીઓએ ઓનલાઈન માધ્યમથી ‘ઝમ ઝમ ઈલેક્ટ્રોનિક્સ’ના નામે રિપલકુમારનો સંપર્ક કર્યો હતો. આરોપીઓએ સ્પેશિયલ ઓફરમાં તેમને ગિફ્ટ લાગી હોવાનું જણાવી તે ગિફ્ટ મેળવવા માટે વારંવાર વોટ્સએપ કોલ કર્યા હતા. અમે તમને આઈફોન 14 પ્રો મેક્સ ગિફ્ટ કરીએ છીએ. તમારું ગિફ્ટ મુંબઈ કુરિયરની હેડ ઓફિસ પર મોકલી દેવામાં આવ્યું છે, એમ કહી નામ સરનામું માંગ્યું હતું. ત્યારબાદ તેમણે પાર્સલની ડિટેઈલ માંગી હતી અને ગિફ્ટ છોડાવવા માટે પ્રથમ 6 હજાર મોકલવા પડશે એમ કહેતાં રિપલે 6 હજાર રૂપિયા આપેલા એકાઉન્ટ નંબરમાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ અલગ અલગ રીતે રૂપિયાની માંગણી કરી હતી. આ ઉપરાંત બે અલગ અલગ ગાડીના ફોટો મોકલી એ પણ ગિફ્ટ હોવાનું જણાવી બે લાખ રૂપિયાની માંગણી કરી હતી. અંતે રિપલકુમારે આરોપીઓના કહેવામાં આવીને અલગ-અલગ સમયે ફોન પે, ગૂગલ પે અને બેન્ક મારફતે કુલ ૮,૭૩,૮૭૫ રૂપિયાની ચૂકવણી કરી હતી. ત્યારબાદ તેમને છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

બારડોલી રૂરલ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં આરોપીઓના મોબાઈલ નંબર ટ્રેસ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન.જાડેજા તપાસ કરી રહ્યા છે. પોલીસે લોકોને ઓનલાઈન છેતરપિંડીથી સાવધાન રહેવા અપીલ કરી છે.

## નવી પારડી ગામના ગોડાઉનમાંથી રૂ.9.54 લાખનો દારૂ મળ્યો


ઈલ્યાસ શેખ

પલસાણાઃ કામરેજના નવી પારડી ગામની હદમાં ગોવર્ધન ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલ ગોડાઉનમાંથી સુરત જિલ્લા એલસીબી પોલીસે રૂ.9.54 લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો.

આ અંગે મળતી માહિતી અનુસાર સુરત જિલ્લા એલસીબીની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, કામરેજના નવી પારડી ગામની સીમમાં આવેલા ગોવર્ધન ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, શૈલેષભાઈ ગોવિંદભાઈ કોથડિયાના ગોડાઉનમાં વિનોદકુમાર કીર તથા કિશનલાલ મનોહરલાલે ગોડાઉન ભાડે રાખી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો છે અને ત્યાંથી સગેવગે કરનાર છે. આ બાતમીના આધારે પોલીસે છાપો મારી સ્થળ પરથી 5148 વિદેશી દારૂ કિં.રૂ.9,54,144 મળી આવ્યો હતો. પોલીસે વિનોદકુમાર કીર (રહે., શિવ ડેવલપર, સુંદરમ્ બિલ્ડિંગ, વાવ, તા.કામરેજ) અને કિશન મનોહરલાલ (રહે., ચંદ્રદર્શન સોસાયટી, વાવ, તા.કામરેજ, મૂળ રહે.,રાજસમન્દ, રાજસ્થાન)ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

# ડોલવણમાં ખૂનના ગુનાનો વોન્ટેડ આરોપી ઝડપાયો



વ્યારાઃ ડોલવણના કુંભીયા ગામે પટેલ ફળિયામાં રહેતા રમેશભાઈ ચીમનભાઈ ચૌધરીનું ગત તા.૨૩/૩/૨૦૨૫ના રોજ કોઈ અજાણ્યા ઈસમે કોઈક વસ્તુ વડે માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નીપજાવી નાસી છૂટ્યો હોય, આ ગુનામાં શકમંદ તરીકે કૌશિક ગણેશભાઈ ચૌધરી (રહે.,કુંભીયા, પટેલ ફળિયું, તા.વ્યારા)નું નામ બહાર આવતાં એલસીબીએ તેની અટકાયત કરી સઘન પૂછપરછમાં તેણે ગુનાની કબૂલાત કરી હતી. જેથી તા.૨૬/૩/૨૦૨૫ના રોજ ૧૨:૪૫ વાગે અટકાયત કરી આગળની વધુ કાર્યવાહી માટે ડોલવણ પોલીસને સોંપ્યો છે.

### આંબોલી ચાર રસ્તા પાસે દુકાનમાં આગ લાગી



વિશાલ પટેલ

■ કામરેજઃ કામરેજના આંબોલી પાસે આવેલી મોબાઈલ રિપેરિંગની પતરાની દુકાનમાં મંગળવારના રોજ મોડી રાત્રે અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. ફાયર વિભાગ ઘટના સ્થળે દોડી આવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

## બગુમરામાં યુવકનો આપઘાત

પલસાણાઃ પલસાણાના બગુમરા ગામની હદમાં આવેલા સાંઈ વાટિકા-૧ના એક રૂમમાં એક યુવકે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે પલસાણા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

બગુમરા ગામમાં સાંઈ વાટિકા-૧ના રૂમ નં.૩૩૨માં રહેતા ૩૨ વર્ષીય યોગેશ મધુકર ઠાકરેએ પોતાના રૂમમાં અંદરથી દરવાજો બંધ કરીને પંખાની હૂકમાં ઓઢણી વડે ફાંસો ખાઈ લીધો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. મૃતક યોગેશ ઠાકરે મૂળ મહારાષ્ટ્રના જલગાવનો રહેવાસી હતો અને પલસાણામાં ખાનગી નોકરી કરતો હતો. પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આપઘાતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

### જાહેર નોટીસ

કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૭૨/૨૦૨૫, તા.૧૭/૦૩/૨૦૨૫

વાદી:- સફીયા સરફરાજુદ્દીન શેખ, રહે. મુ.પો. પાલોદ, તા. માંગરોળ, જી. સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી પાલોદ ગ્રા.પં., તા. માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સફીયા સરફરાજુદ્દીન શેખ, રહે.મુ.પો. પાલોદ, તા. માંગરોળ, જી. સુરતએ તેઓના દીયર ફકરૂદ્દીન મૈયુદ્દીન શેખનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે.

૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ફકરૂદ્દીન મૈયુદ્દીન શેખ ૨. મરણ તારીખ: ૧૫/૦૬/૧૯૯૦ ૩. મરણનું સ્થળ: મોજે પાલોદ, તા. માંગરોળ, જી. સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ફકરૂદ્દીન મૈયુદ્દીન શેખના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૭/૦૪/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી:- (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી જિ. સુરત

Milano
MULTIPLEX
બારડોલી
Empuraan(Lucifer-2) - Hindi
11:00am, 02:30pm, 06:30pm, 10:00pm
The Diplomat
10:00am, 07:00pm, 09:30pm
All The Best Pandya - Gujarati
12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm
Chhaava
01:00pm, 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333